# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ,
## સુરત–૭.

### : સિન્ડિકેટની તાકીદની સભા :

**ખાનગી** | **સિન્ડિકેટની તાકીદની સભા**

ફક્ત સભ્યોની જાણ માટે | તા: ૧૯–૭–૨૦૦૩

–: **કાર્યવાહી** :–

સિન્ડિકેટની તાકીદની (Urgent) સભા શનિવાર, તા: ૧૯–૭–૨૦૦૩ ના રોજ બપોરે, ૩–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | –– ખાલી –– (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી ઘનશ્યામપ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | હાજર |
| ૭. | આચાર્યશ્રી ર્ડા.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮. | ડો. કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯. | ર્ડા.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૨. | ર્ડા.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |

(૧) સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં સંચાલકમંડળ ધ્વારા ભરવાની થતી ૧૫ ટકા જગ્યાઓ માટેની પ્રવેશ નીતિ અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારના તા.૬–૬–૨૦૦૩ ના પરિપત્ર અને તા.૧–૭–૨૦૦૩ ના પરિપત્ર અન્વયે, મેનેજમેન્ટ કવોટાની સીટ ભરવા માટે યુનિવર્સિટી જાહેરાત આપશે તે અન્વયે વિદ્યાર્થીઓ જે કોલેજમાં પ્રવેશ લેવા માગતા હોય ત્યાં અરજી કરવાની રહેશે અને તેની એક નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે. જયાં પ્રોફેશનલ કોર્ષિસમાં રાજયકક્ષાનું કોમન મેરીટ લીસ્ટ હોય તથા જયાં યુનિવર્સિટી ધ્વારા સમગ્ર દક્ષિણ ગુજરાતનું કોમન લીસ્ટ બનતુ હોય ત્યાં તે મેરીટ લીસ્ટના મેરીટના ધોરણે મેનેજમેન્ટ કવોટાની સીટ ઉપર પ્રવેશ આપવાનો રહેશે. તે સિવાયના કોર્ષીસ માટે જે તે કોલેજો અને અરજદારોની અરજીના આધારે યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ પ્રમાણે મેરીટ લીસ્ટ બનાવવાનું રહેશે અને મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

ઉપરોકત તમામ કિસ્સાઓમાં કોલેજે મળેલ અરજીઓના આધારે તૈયાર કરેલ મેરીટ લીસ્ટ અન્વયે, અપાયેલ પ્રવેશોની યાદી કોલેજના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની રહેશે અને તે યાદી યુનિવર્સિટીને મંજુરી માટે મોકલવાની રહેશે અને યુનિવર્સિટીની મંજૂરી મળયા બાદ રાજય સરકારના ઉપરોકત પરિપત્રમાં નકકી કરેલ ફી લઈ પ્રવેશ આપવાનો રહેશે. રાજય સરકારના પરિપત્રો અને આ સૂચનાઓનો ભંગ કરીને અપાયેલ પ્રવેશને યુનિવર્સિટી માન્ય ગણશે નહિ, અને તેને એનરોલ (નોંધણી) કરશે નહિં. તથા તેની પરીક્ષા લેશે નહિં.

(૨) સિન્ડિકેટના તા.૧૫–૧૧–૦૨ની બાબત ક્રમાંક:(૩૩) અન્વયે, થયેલા ઠરાવના સંદર્ભમાં ડૉ.શશીકાંત શાહ ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખાના આવેલા પત્રના અનુસંધાનમાં વિચારણા કરવા બાબત.

**(યુવક કલ્યાણ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.શશીકાંત શાહના પત્રના અનુસંધાનમાં થયેલી ચર્ચા વિચારણા અનુસાર વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ દરમ્યાન રમતગમત ક્ષેત્રે સિધ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓનાં વ્યાપક સમૂહને ઉચિત પ્રાધાન્ય મળે તે માટેનું માળખુ અસ્તીત્વમાં છે તે જોતા તા.૧૫–૧૧–૦૨ની સિન્ડિકેટનો ઠરાવ ક્રમાંક:(૩૩) નો અમલ હાલ સ્થગિત રાખવો.

બહુમતિએ પસાર થયેલા ઉપરોકત ઠરાવના સંદર્ભમાં શ્રી હોશંગ મીરઝાએ નીચેની નાસંમતિની નોંધ લેખિત સ્વરૂપમાં રજૂ કરી હતી:

નાસંમતિની નોંધ:

સિન્ડિકેટની તા.૧૫–૧૧–૨૦૦૨ની બાબત ક્રમાંક: (૩૩) થી સ્પોર્ટર્સના વિદ્યાર્થીઓ માટે અનુસ્નાતક (પી.જી.) એમ.એસ.સી(આઈ.ટી) અને બી.એડ. ના માટે ડીવીઝન દીઠ ત્રણ (૩) સીટોના ક્વોટા આ વર્ષથી ફાળવવાના નિર્ણયને સિન્ડિકેટે આજ રોજ મોકૂફ રાખી દેવાથી રમતગમતના ક્ષેત્રમાં મહત્વને પ્રદાન કરનાર તથા યુનિવર્સિટીનું નામ રોશન કરતા અનેક વિદ્યાર્થીઓને અન્યાયકર્તા છે તથા પ્રોપર માળખું એપ્લાઇ કર્યા વગર બહુમતિએ નિર્ણય લીધો છે. આથી સિન્ડિકટના આજના ઠરાવ સાથે સંમત નથી.

હોશંગ મીરઝા

(૩) સને ૨૦૦૩–૨૦૦૪ના વર્ષમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક વિભાગમાં સ્ટુડન્ટસ કાઉન્સિલ વિદ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી કે તેને બદલે પસંદગી પધ્ધતિ અમલમાં મુકવા અંગે વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચવી.

(૪) ઝેડ. એફ.વાડિયા વિમેન્સ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, સુરતમાં એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા બી.યુ.ટી. નિયુકત એલ.આઈ.સી. સમિતિ ધ્વારા શનિવાર તા.૧૭–૫–૨૦૦૩ના રોજ કોલેજની મુલાકાત લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા ભલામણ કરેલ હોય જે અહેવાલ પર વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુરતની ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સને એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા બી.યુ.ટી. નિયુકત એલ.આઈ.સી. સમિતિએ પ્રસ્તુત કોલેજની તા.૧૭–૫–૨૦૦૩ના રોજ મુલાકાત લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા નીચેની શરતોને આધિન કરેલ ભલામણને બી.યુ.ટી. અને એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોઈ, ઉપરોકત ભલામણ મંજૂર કરવી અને પ્રસ્તુત કોલેજને એમ.કોમ.નું અનુસ્નાતક કેન્દ્ર શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શરૂ કરવાની મંજૂરી આપવી.

**<u>શરતોઃ</u>**

(૧) રૂ.૩૫,૦૦૦/– ના પુસ્તકો અને મેગેઝીનો જે અનુસ્નાતક કક્ષાએ જરૂરી હોય તે ખરીદવાં.

(૨) અનુસ્નાતક કેન્દ્ર ચલાવવા માટે યુનિવર્સિટીના નિયમો મુજબ શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફની જરૂરિયાત મુજબની નિમણૂક કરવી.

(૩) અનુસ્નાતક કેન્દ્ર ચલાવવાને કારણે જો આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધી જાય કે ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલક મંડળે આપવી.

(૪) એમ.કોમ. ભાગ–૧ અને ૨ માં ડેઝરટેશન (કોસ્ટીંગ પેપર–૨ અને ૩ ના વિકલ્પો) આપવા નહિં.

(૫) પ્રવેશ પ્રક્રિયા તથા ફીનું ધોરણ યુનિવર્સિટીના ધારા ધોરણ અનુસાર રહેશે.

(૬) અભ્યાસક્રમ ચલાવવા માટે યુનિવર્સિટીની કોઈપણ પ્રકારની નાંણાકીય જવાબદારી રહેશે નહિ. આ અંગે સંસ્થાએ બાંહેધરી આપવાની રહેશે.

(૭) યુનિવર્સિટીના ઓર્ડી.૯૨ નો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે, તથા વખતો વખત અમલમાં આવતા યુનિવર્સિટીના ધારાધોરણોનું ચૂસ્તપણે પાલન કરવાની સંચાલક મંડળે લેખિત બાંહેધરી આપવાની રહેશે.

(૫) સને ૨૦૦૩–૨૦૦૪ માટે (૧) બી.એસસી. (કમ્પ્યુટર સાયન્સ) (૨) બી.એસસી. (મેડીકલ ટેકનોલોજી) (૩) બી.એસસી. (માઈક્રોબાયોલોજી) (૪) બી.સી.એ. (૫) બી.બી.એ.માં પ્રવેશ પધ્ધતિ નકકી કરવા અને ફી નું ધોરણ નકકી કરવા કુલપતિશ્રીએ નિમલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"મેનેજમેન્ટ કવોટા ૧૫ ટકા સંસ્થા માટે અનામત રાખવો. આ કવોટામાં પ્રવેશ આપવા માટે રાજય સરકારના નિયમોનુસર મેરીટના ધોરણે પ્રવેશ આપવો. તથા હાલમાં તેમાં પ્રવેશ માટે ફીનું ધોરણ નીચે જણાવેલ ફી ના ૨૫ ટકા વધુ ફી લઈને રાખવું.

વિશેષમાં સમિતિ નીચે મુજબની ફીની ભલામણ (સામાન્ય સીટો માટે) કરે છે.

| | | |
|---|---|---|
| 1 | B.Sc (Computer Sc.) | Rs 13,000/- per year |
| 2. | B.Sc (Medical Technology) | Rs 13,000/- per year |
| 3 | .B.Sc (Microbiology) | Rs 13,000/- per year |

જે સંસ્થા ઉપર જણાવેલ ફી ના ધોરણ કરતા ઓછી ફી લેવા માંગતી હોય તે સંસ્થાએ તે માટે યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે." **(શૈક્ષણિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર સંસ્થાઓ ધ્વારા ચાલતા પ્રસ્તુત અભ્યાસક્રમોમાં નીચે જણાવ્યા અનુસાર ફી નકકી કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૫% બેઠકો મેનેજમેન્ટ કવોટામાં અનામત રાખવી અને તે બેઠકો માટે રાજય સરકારના તથા યુનિવર્સિટીના નિયમોનુસાર મેરીટના ધોરણે પ્રવેશ આપવો.

| | | |
|---|---|---|
| 1 | B.Sc (Computer Sc.) | Rs 13,000/- per year |
| 2. | B.Sc (Medical Technology) | Rs 13,000/- per year |
| 3 | .B.Sc (Microbiology) | Rs 13,000/- per year |

જે સંસ્થા ઉપર જણાવેલ ફી ના ધોરણ કરતા ઓછી ફી લેવા માંગતી હોય તે સંસ્થાએ તે માટે યુનિવર્સિટીને જાણ કરવાની રહેશે.

ઉપરોકત ઠરાવ બહુમતિએ પસાર થયો હતો.

(૬) નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી બી.કોમ. સ્પેશ્યલ પ્રોગ્રામ (૧) બેચલર ઓફ કોમર્સ (ઈન્ટરનેશનલ બિઝેનશ) અને (૨) બેચલર ઓફ કોમર્સ (બેન્કિગ એન્ડ ઈન્સ્યુરન્સ)નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સન્દર્ભમાં કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઘ્યાનમાં લઈ એકેડેમિક કાઉન્સિલવતી કુલપતિશ્રીએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલવતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ.

" નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી બી.કોમ સ્પેશ્યલ પ્રોગામ (૧) બેચલર ઓફ કોમર્સ (ઈન્ટરનેશનલ બિઝેનશ) અને (૨) બેચલર ઓફ કોમર્સ (બેન્કિગ એન્ડ ઈન્સ્યુરન્સ) અંગેના સ્થાનિક તપાસસમિતિ અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેની શરતોને આધીન સદરહુ કોલેજને ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ થી એક વર્ષ માટેનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરી છે:

(1) The Post of the Principal is filled with immediate effect and Compliance report is submitted within a definite period of 3 months from now.

(2) One Full-time Lecturer with evidence of specialization in Insurance Business is immediately appointed on regular basis.

(3) One Full-time Lecturer with evidence of specialization in Insurance & Banking is immediately appointed on regular basis.

(4) Conditions put by the earlier L.I.C. which remain unfulfilled as yet are fulfilled without any more delay.

(5) The proposed Speciality Programmes are run as per U.G.C. guidelines inletter and spirit.

(6) Only 25 to 30 students per Programmes are admitted as per U.G.C. guidelines.

(7) The proposed Speciality Programmes being a self-finance Course the College will be allowed to charge Tuition Fee as fixed by the University from time to time.

(8) Any deficit in the running of these programmes will have to be borne by the College Management and an undertaking to this effect will have to be executed in this regard. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ યથાવત સ્વીકારવી અને પ્રસ્તુત ભલામણમાં જણાવેલ શરતોનું યથાર્થ પરિપલાન કરે તે શરતે નવસારીને નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર બી.કોમ. સ્પેશિયલિટી પ્રોગ્રામ (૧) બેચલર ઓફ કોમર્સ (ઇન્ટરનેશનલ બિઝેનશ) અને (૨) બેચલર ઓફ કોમર્સ (બેન્કિગ એન્ડ ઇન્સ્યુરન્સ)નું નવું જોડાણ એક વર્ષ માટે એટલે કે, તા.૧૫–૬–૨૦૦૩ થી તા.૧૪–૬–૨૦૦૪ સુધીનું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સ્વનિર્ભર બી.કોમ. સ્પેશિયલિટી અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા ૩૦ રાખવી અને વધુમાં વધુ ફી રૂા.૧૫૦૦૦/– રાખવી.

બહુમતિએ પસાર થયેલા ઉપરોકત ઠરાવના સંદર્ભમાં શ્રી હોશંગ મીરઝાએ નીચેની નાસંમતિની નોંધ લેખિત સ્વરૂપમાં રજૂ કરી હતી:

નાસંમતિની નોંધ:

બી.કોમના અભ્યાસક્રમ માટે રૂા.૨૫૦૦/– વાર્ષીક ફી ગુજરાત સરકારે નકકી કરી હોઈ તેનાથી વધારે ફી રૂા.૧૫૦૦૦/– આ બી.કોમના ભાગ સ્વરૂપ કોર્ષ માટે નકકી કરવી ભેદભાવભરી અને વિદ્યાર્થીઓને અન્યાયકર્તા હોવાથી બહુમતિના નિર્ણય સાથે અસંમત છું.

હોશંગ મીરઝા

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૨૩–૭–૨૦૦૩
ક્રમાંક : એસ–૧(૧)/૬૨૯૪

ઇ.ચા.કુલસચિવ
તા.૨૩–૭–૨૦૦૩

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યોશ્રીઓ...................
નકલ રવાના: યુનિવર્સિટી કાર્યાલય ના તમામ વિભાગોના વડાઓ પ્રતિ જાણ સારૂ.......